# ***શ્રી એચ.કે.આચાર્ય,એકસ ઓફીસીયો કમીશનર ફોર ધી વ.કો.એકટ, દાહોદ સમક્ષ.***

**વ.કો.(ફેટલ)અરજી નં.૮/૨૦૧૩**

**અરજદાર :– (૧) દલસીંગભાઈ વીરસીંગભાઈ ભુરીયા**
**(૨) અણગારીબેન દલસીંગભાઈ ભુરીયા**
**બંને રહે. મેથાણ, તા.લીમખેડા, જી.દાહોદ**

**વિરૂધ્ધ**

**સામાવાળાઃ– (૧) વાલાભાઈ કાનાભાઈ આહીર(મ્યાત્રા)**
**રહે. મોડસર, તા.અંજાર, જી.કચ્છ–ભુજ**

**પ્રતિનીધીત્વ :– અરજદાર તરફે વિ. વ. શ્રી એ.એમ.પરીખ**
**સામાવાળા તરફે કોઈ હાજર નથી.**

**–: ચુકાદો :–**

**(૧) આ કામના અરજદારોએ સદર અરજી કામદાર વળતર અધિનિયમ હેઠળ દાખલ કરી આ કામના સામાવાળાઓ પાસેથી ગુજરનાર સ્વ. અમૃતભાઈની અકસ્માત મૃત્યુ વળતરની રકમ રૂા.૬,૭૨,૦૦૦/– વ્યાજ તથા પેનલ્ટી સહીત વસુલ મેળવવા માટે અત્રેની અદાલત સમક્ષ દાખલ કરેલ છે.**

**(૨) સદર કામે અરજદારની અરજી અન્વયે સામાવાળાને ધોરણસરની સુનાવણીની નોટીસ કાઢવામાં આવેલ છે, જે વગર બજે પરત આવેલ છે. ત્યારબાદ અરજદાર તરફે આંક–૧૩ થી સામાવાળાને રૂબરૂ નોટીસ બજાવવા હાથ બીડો કાઢી આપવા અરજી આપેલ, જે અન્વયે અરજદારને સામાવાળાની નોટીસનો હાથ બીડો કાઢી આપવામાં આવેલ, પરંતુ સામાવાળા રૂબરૂ મળેલ ન હોઈ અરજદારે આંક–૧૪ થી પુરશીસ આપી અસલ હાથ બીડો પરત જમા કરાવેલ છે. ત્યારબાદ આ કામમાં અરજદારના એડવોકેટશ્રી ધ્વારા અરજદારને મુદતે કોર્ટમાં હાજર રહેવા પત્ર લખેલ છે અને તે પત્રની સ્થળપત્ર તથા પત્ર**

મળ્યાની એકનોલેજમેન્ટની કોપી આ કામમાં આંક–૧૬ ના લીસ્ટથી રજુ કરેલ છે, પરંતુ અરજદાર અદાલત સમક્ષ હાજર રહેલ નથી. અરજદારે અદાલતમાં હાજર રહી સામાવાળાને નોટીસ બજાવવા કોઈ કાર્યવાહી કરેલ નથી કે, અરજદારે સામાવાળાને નોટીસની બજવણી થઈ શકે તેવુ સામાવાળાનું નવુ સરનામુ પણ અદાલતને આપેલ નથી. આ કામની નોટીસની સામાવાળાને બજવણી થાય ત્યારબાદજ આ કામના સામાવાળા આ કામમાં હાજર થઈને પોતાનો બચાવ કરી શકે અને ત્યારબાદ આ કામની કાર્યવાહી આગળ ચાલી શકે. આ કામના અરજદારે સામાવાળાને નોટીસની બજવણી થઈ શકે તેવુ સરનામુ પુરૂ પાડેલ ન હોય કે નોટીસનો હાથ બીડો બજવણી કરી અદાલત સમક્ષ રજુ કરેલ ન હોય અને તે કારણસર આ કામની નોટીસની બજવણી સામાવાળાને થયેલ ન હોય તે જોતાં અરજદારની આ અરજી નોટીસની બજવણીના અભાવે રદ કરવી જોઈએ તેવું હું સ્પષ્ટપણે માનું છું તેમજ અરજદાર સદર અરજી દાખલ કર્યા બાદ નામદાર અદાલત સમક્ષ સુનાવણીના તબકકામાં સતત ગેરહાજર રહેલ છે તે જોતાં, અરજદારને આ કેસ ચલાવવામાં રસ હોય તેમ જણાતું નથી. જેથી આ કામમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

અરજદારની આ અરજી નોટીસની બજવણીના અભાવે તેમજ અરજદારની સતત ગેરહાજરીના અભાવે રદ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજરોજ તા.૮મી, માહે.માર્ચ, સને–૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : દાહોદ
તા.૦૮/૦૩/૨૦૧૮

(હર્ષલ કામેન્દુભાઈ આચાર્ય)
કમિશ્નર ફોર ધી વ.કો.એકટ,
લેબર કોર્ટ, દાહોદ
Code No. GJ00774